૧લો
દિવસ
૯ જૂન, ૨૦૦૭

# જીવથી શિવની યાત્રા



ૐ નમઃ શિવાય

હે ઈશ્વર! સૌનું કલ્યાણ કરો અને સૌની રક્ષા કરો. આ દિવસ મારા જીવનરૂપી પુસ્તકમાં સુવર્ણ અક્ષરે લખાવા જઈ રહ્યો છે. હે શિવ! હે મહાપિતા! વર્ષોથી જે સ્વપ્ન જોયું હતું તે આજે આ દિવસે સંપન્ન થવા જઈ રહ્યું છે. કહે છે કે જે લોકોએ ઘણાં પુણ્યો કર્યાં હોય તો જ તેમનું જ આ સ્વપ્ન સાકાર થઈ શકે. મારી ખુશીનો અને ઉત્સાહનો પાર નથી. જેમ કોઈ ચાતક વરસાદની રાહ જુએ તેમ મેં આ દિવસની છેલ્લા ઘણા અરસાથી રાહ જોઈ છે. આ દિવસ વિશે હું શું કહું? મારી સજળ આંખો બોલી રહી છે અને હૃદયની તેજ ધડકનો આ વાતની સાબિતી છે કે હું કેટલી ધન્યતા અનુભવું છું. આ દિવસની રાહ જોવામાં મને જે રોમાંચ મળ્યો હતો તેનાથી સો ગણો ખુશીનો ઊભરો મારા રોમેરોમમાં અત્યારે વ્યાપી ગયો છે. મારા સર્વસ્વ એવા જગતપિતા શ્રી શિવનો સાક્ષાત્કાર કરવા હું જઈ રહી છું. મનથી મને પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે સૌથી મહત્ત્વની, મોટી અને અઘરી કૈલાસ-માનસરોવર આ યાત્રા હું સુખરૂપ સંપન્ન કરીને, ધન્ય થઈને પરત ફરીશ.

જીવનમાં જે કંઈ પણ પહેલીવાર થાય છે તે હંમેશાં યાદગાર અને નવા અનુભવની ખુશી આપનારું હોય છે. અહીં પણ કંઈક પ્રથમવાર થવા જઈ રહ્યું હતું અને બહુ જ અદ્‌ભુત એ દૃશ્ય હતું જે અમે પહેલીવાર હસતાં અને રડતાં આંખોમાં કેદ કરી લીધું. હસતાં એટલા માટે કે અમને કૈલાસ-માનસરોવરની યાત્રાએ જવાનો અમૂલ્ય લાભ આ દિવસે મળી રહ્યો હતો અને રડતાં એટલા માટે કે પૂરો એક મહિનો અમે અમારાં વહાલાં નાનાં બાળકો અને વડીલોથી દૂર જઈ રહ્યાં હતાં, પણ મનમાં શિવજીનું નામ હતું અને હૃદયમાં યાત્રા પૂરી કરવાની હિંમત! જે અમને ખૂબ જ ઉત્સાહ પૂરો પાડી રહ્યાં હતાં. અમને આ યાત્રા માટે શુભાશિષ સાથે વહાલભરી વિદાય આપવા અમારાં લગભગ બધાં જ સ્નેહીજનો ઍરપૉર્ટ પર એકઠાં થયાં હતાં.

અમે માનસરોવર યાત્રાની ત્રીજી બેચમાં છીએ. પહેલી બેચ સખત બરફવર્ષાને લીધે કૅન્સલ થઈ અને તે બેચના યાત્રીઓ બીજી બેચમાં ગયા. તેમાં કુલ ૫7 જ સભ્યો હતા. આમ તો દરેક બેચમાં ૬૦ સભ્યો જઈ શકે છે. આ કારણે અમે છેલ્લા થોડા દિવસો ખૂબ જ ટેન્શનમાં કાઢ્યા, પણ છેવટે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે અમે ખૂબ શુભેચ્છાઓ અને ભક્તિભાવ સાથે પ્રયાણ કર્યું.

**ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम्**
**उर्वारुकमिव बन्धनात्, मृत्योर्मुक्षीय मामृतात्।**

આ મહામૃત્યુંજય મંત્ર મહામંત્ર છે. તેને સંજીવની મંત્ર પણ કહે છે. એના ઉચ્ચારથી ઉત્પન્ન થતા ધ્વનિના કંપનથી શરીરની ચારે બાજુ સુરક્ષાચક્ર નિર્મિત થાય છે. તે જીવનમાં સુખ, શાંતિ ને સમૃદ્ધિ લાવનાર મંત્ર છે.

**૨જો**
**દિવસ**
૧૦ જૂન, ૨૦૦૭

# સફરની શરૂઆત

આજે અમારી યાત્રાનો બીજો દિવસ હતો. સવારે વહેલા ઊઠી ગયાં કારણ કે સવારે આઠ વાગ્યે અમારે મેડિકલ ટેસ્ટ્સ માટે હાર્ટ ઍન્ડ લંગ્સ હૉસ્પિટલમાં જવાનું હતું. ઘણી મોટી અને બધી જ સગવડવાળી હૉસ્પિટલ છે. અહીં જે પણ જરૂરી ટેસ્ટ્સ હતા એક્સ-રે, ટીએમટી, ફેફસાંના જુદા જુદા ટેસ્ટ્સ એ બધું જ ક્રમવાર પતાવ્યું. કૈલાસયાત્રા માટે ફેફસાં મજબૂત અને પાતળી હવા સહન કરી શકે તેવાં હોવાં જોઈએ. દરેક ટેસ્ટ પહેલાં અમારા દિલની ધડકન વધી જતી કે રખે ને આ ટેસ્ટમાં ફેઇલ ના થવાય અને અમારું જવાનું કૅન્સલ ન થાય, અને પરિણામ સારું આવ્યું હોય તે દરેકના ચહેરા પર અનહદ ખુશી દેખાતી.

અમે માનસરોવર જવા તૈયાર હતાં. સહુ પાસે પોતપોતાની કથાઓ હતી. અનેક લોકોએ, અનેક વાતો સાંભળી હતી... રાત્રે માનસરોવરના કિનારે બેઠાં હોઈએ તો ચમત્કારી અનુભવો થતા હોય છે. આ દૈવી અનુભવો સૌને પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે થતા હોય છે. કોઈને આકાશમાંથી ત્રણ દીવા સરોવરમાં ઊતરતા દેખાયા હતા, તો કોઈને આકાશમાં ભગવાન ગણેશની આકૃતિ દેખાઈ હતી! કોઈને અગ્નિકુંડમાં શિવજીનાં દર્શન થયાં હતાં. કોઈને કૈલાસ પર્વતમાં શિવજીની આકૃતિનાં દર્શન થયાં હતાં! આમ સૌને પોતપોતાની ભક્તિ અને શ્રદ્ધા પ્રમાણે દર્શન થતાં હોય છે.

'તમે સૌ પણ માનસરોવરના કિનારે આખી રાત જાગીને બેસજો! તમને ચોક્કસ કોઈક દૈવી અનુભૂતિ થશે જ થશે. જિંદગીમાં આવો અનુભવ કદાચ ક્યારેય નહીં મળે. રાત્રિના અંધકારમાં દિવ્ય ઝળહળતું માનસરોવર, ચાંદી જેવો કૈલાસ અને ઉપર હીરા જેવા ચમકતા આકાશને જોવાનું ચૂકતાં નહીં.' એવું અમને ત્યાંના શિવકુમારભાઈએ કીધું. જેમણે ઘણીવાર કૈલાસયાત્રા કરી છે. અમારા ઉત્સાહનો પાર ન હતો. રાત્રિના સ્વપ્ન વાગોળતાં અમે સુઈ ગયા.


શ્રી દિલ્હી ગુજરાતી સમાજ સરદાર




delhi heart & lung institute



3જો
દિવસ
૧૧ જૂન, ૨૦૦૭

# ચેકઅપ ઍન્ડ ફૉર્માલિટીસ

આજે સવારે મિલિટરીની હૉસ્પિટલમાં ચેકઅપ માટે જવાનું હતું.

મિલિટરી હૉસ્પિટલમાં પહેલાં એક નાની ફિલ્મમાં યાત્રા વિશેની બધી વિગતો બતાવી અને ત્યાર બાદ એક પછી એકને ચેકઅપ માટે લઈ ગયાં. ત્યાર પછી આગળના ચેકઅપ માટે બત્રા હૉસ્પિટલ ગયાં.

રિપોર્ટ્સનાં બધાં કામ પતાવી બધાં પાછાં ઉપરના હૉલમાં ગયાં. ત્યાં એક સજ્જને અમને યાત્રા વિશેની માહિતી આપી તથા અલગ અલગ કામ પ્રમાણે અમારા ગ્રૂપની ત્રણ ટીમ પાડી.

૧) એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ

૨) લગેજ ડિપાર્ટમેન્ટ અને

૩) ફૂડ અને કેટરિંગ ડિપાર્ટમેન્ટ

અમારી આ બેચ અત્યાર સુધીની સૌથી મોટી બેચ છે. અમારામાં વધારે વડીલો છે પણ સૌ સાલસ અને મળતાવડા સ્વભાવના છે. કાલે સવારે ૮ વાગ્યે રિપોર્ટિંગ છે, જે વિઝા અને ડૉલર માટેની ફૉર્માલિટી છે. એ માટે એમ્બેસી જવાનું છે.